પૂર્વછાયો- ત્યાર પછીની વારતા, સહુ સાંભળો થઈ સાવધાન ।
હરિ ઈચ્છાએ ત્યાં આવિયા, માર્કંડેય ગુણવાન ॥૧॥
ત્રિકાળદર્શી ને તત્ત્વવેત્તા, બ્રહ્મચારીનો છે વેષ ।
ધર્મને ઘેર આવિયા, સંગે લઈને બહુ શિષ્ય ॥૨॥
ધર્મે બહુ આદર દઈ, પૂજા કરી બહુ પેર ।
બ્રહ્મચારી ભલે આવિયા, કર્યું પવિત્ર મારું ઘર ॥૩॥
ક્યાંથી આવીયા તમે કોણ છો, અને શું છે તમારું નામ।
શું ભણ્યા છો શાસ્ત્ર સ્વામી, પુછું છું કરભામ ॥૪॥

ચોપાઇ- ત્યારે ઋષિ કહે સુણો વચન રે, આવું છું કર્તા તીર્થ અટનરે ।
માર્કંડેય મારૂં નામ જાણ રે, ભણ્યા છીએ વેદ ને પુરાણ રે ॥૫॥
જાણું રૂડી રીતે જ્યોતિષને રે, તે ભણાવું છું હું આ શિષ્યને રે ।
ત્યારે ધર્મ રાજી બહુ થયા રે, ભલે આવ્યા પ્રભુ કરી દયા રે ॥૬॥
મારા બાળકનું નામ દીજે રે, બહુ કાળ અમ ઘેર રહીજે રે ।
તમે જ્યોતિષ જાણો છો ઘણું રે, કેવું ભાગ્ય આ બાળક તણું રે ॥૭॥
જુવો જન્મ દિવસ રૂડી પેર રે, મુહૂર્ત લગ્ન ને જન્માક્ષર રે ।
ઘડી પળ વેળા એની વર્તિ રે, પાડો નામ એનું મહામતિ રે ॥૮॥
પછી ટીપણામાં જોઈ એહ રે, કરી જન્મકુંડળી તેહ રે ।
જોયું જ્યોતિષ વિદ્યાને વિષે રે, જાણ્યું આતો મોટા છે અતિશે રે ॥૯॥
પછી ધીરે રહી બોલ્યા વાણ્ય રે, તમે સાંભળો ધર્મ સુજાણ રે ।
અતિ બુદ્ધિવાન એહ થાશે રે, માટે મોટા સહુથી કહેવાશે રે ॥૧૦॥

વળી કર્કના ચંદ્રમાં આવે રે, તેનું નામ હરિ એવું કાવે રે ।
એક તમે બીજા જે આશરશે રે, તેની આપદા સર્વે હરશે રે ॥૧૧॥
માટે હરિ એવું એનું નામ રે, સૌને સમરતાં સુખધામ રે ।
વળી ચૈત્રમાં જન્મ થાય રે, તેને શ્રીકૃષ્ણ પણ કહેવાય રે ॥૧૨॥
સારું સુંદર તન છે શ્યામ રે, માટે એનું કહીએ કૃષ્ણ નામ રે ।
મૂર્તિ જોઈને જનનાં મન રે, તાણી લેશે તે માટે એ કૃષ્ણ રે ॥૧૩॥
વળી બેઉ નામ મળી એક રે, કહેશે જન જે કરે વિવેક રે ।
ત્યારે ત્રીજું નામ હરિકૃષ્ણ રે, સમરતાં જન મન પ્રસન્ન રે ॥૧૪॥
તપ ત્યાગ યોગ ધર્મ જ્ઞાન રે, એવા એ પંચગુણ નિદાન રે ।
તેણે શિવજી જેવા એ થાશે રે, માટે નિલકંઠ કહેવાશે રે ॥૧૫॥
એમ ગુણ કર્મે કરી નામ રે, કહેશે બહુ પુરુષ ને વામ રે ।
વળી મને જણાય છે જેહ રે, સુણો ધર્મ હું કહું છું તેહ રે ॥૧૬॥
થાશે પૃથુસમ શ્રોતાવાન રે, ભક્તિ ક્ષમા અંબરીષ સમાન રે ।
જનકના જેવું નિજ જ્ઞાન રે, ત્યાગ વૈરાગ્ય શુક સમાન રે ॥૧૭॥
હરિદાસ હનુમાન જેવા રે, એક ઈષ્ટનિષ્ઠ ઉમા એવા રે ।
સદાગ્રહ કૃષ્ણ વિષે જેહ રે, થાશે પ્રહ્લાદ સરિખા તેહ રે ॥૧૮॥
માયા ને માયાનું કારજ રે, એથી અજાણ્યું નહિ રહે રજ રે ।
આત્મદર્શીમાં જાણવા એવા રે, કર્દમસુત કપિલજી જેવા રે ॥૧૯॥
દોષ તજીને ગુણને ગ્રેવા રે, તેમાં તો દત્તાત્રેય સમ કેવા રે ।
અધર્મસર્ગ થકી તે મન રે, બીશે જેમ યુધિષ્ઠિર રાજન રે ॥૨૦॥
દયાળુ ને વળી દાતાપણું રે, થાશે રંતિદેવ થકી ઘણું રે ।
જીવને દેવા પ્રભુનું જ્ઞાન રે, તેમાં નારદ સમ નિદાન રે ॥૨૧॥
પ્રભુમાંહિ દોષ ન પરઠે રે, તેતો જાણે જાનકીની પેઠે રે ।
સ્વતંત્રપણું લક્ષ્મીના જેવું રે, જે શ્રીકૃષ્ણના સ્વરૂપમાં રહેવું રે ॥૨૨॥
હરિ હરિજન દ્રોહી માથે રે, વર્તે લક્ષ્મણસમ તે સાથે રે ।
થાશે સૌ જીવને સુખકારી રે, જેમ પુત્ર ને પાળે મેતારી રે ॥૨૩॥
હરિ આજ્ઞામાં રહેવાને આપ રે, થાશે ભરતજી જેવા નિષ્પાપ રે ।

પ્રભુ પદરજ માહાત્મ્ય લેવા રે, થાશે ભક્ત અક્રૂરજી જેવા રે ॥૨૪॥
પ્રભુને વાલા જન જે કૈયે રે, તેમાં દ્રૌપદી સમાન લૈયે રે ।
અંતઃશત્રુ જીતવા સમર્થ રે, જાણું પ્રકટ્યા બીજા પાર્થ રે ॥૨૫॥
પ્રશ્ન ઉત્તર કરવા અતિ રે, જાણું આવ્યા આપે બૃહસ્પતિ રે ।
ધીરજવાનમાં ધીરજવાન રે, થાશે બળી રાજાને સમાન રે ॥૨૬॥
અસુરને મોહ ઉપજાવા રે, થાશે વામનજી સમ આવા રે ।
કરશે ધર્મની રક્ષા તે ઘણી રે, જુવો એંધાણી તમે તેહતણી રે ॥૨૭॥
હાથે છે પદ્માંકુશનાં ચિહ્ન રે, મુખ દેખી લાજે કોટિ મીન રે ।
ઊર્ધ્વરેખા અષ્ટકોણ ધ્વજ રે, સ્વસ્તિક અંકુશ વળી અંબુજ રે ॥૨૮॥
જવ જાંબુ વજ્ર દેખ્યાં દ્રગ રે, તેણે શોભે છે દક્ષિણ પગ રે ।
મત્સ્ય ત્રિકોણ કળશ ને વ્યોમ રે, ધેનુપદ ધનુષ ને સોમ રે ॥૨૯॥
સાતે ચિહ્ન શોભે વામચરણ રે, માટે આતો છે અશરણશરણ રે ।
દેશે બહુ જીવને અભયદાન રે, કરશે મોટા મોટા સનમાન રે ॥૩૦॥
બહુ જીવને આજ્ઞામાંય રે, વર્તાવશે સતયુગ ન્યાય રે ।
નાના પ્રકારનાં જેહ દુઃખ રે, ટાળી તમારાં કરશે સુખ રે ॥૩૧॥
જેમ વિષ્ણુ વિબુધ સહાય રે, કરે છે મહા કષ્ટને માંય રે ।
તેમ કરશે તમારી સાર રે, એવા એમાં ગુણ છે અપાર રે ॥૩૨॥
બીજા બહુ મોટા ગુણ એમાં રે, શુભગુણની થાશે એ સીમા રે ।
એવાં માર્કંડેયનાં વેણ રે, સુણ્યાં ધર્મે અતિ સુખદેણ રે ॥૩૩॥
પછી વસ્ત્ર ઘરેણાં ને ધન રે, આપ્યાં વિવિધ ભાત્યનાં અન્ન રે ।
થયા માર્કંડેય પ્રસન્ન રે, રહ્યા તિયાં પછી દોય દિન રે ॥૩૪॥
પછી દઈ આશિષ મુનિરાયરે, ગયા શિષ્ય સહિત પ્રયાગમાંયરે ।
પછી ભક્તિ ધર્મ રાજી થઈ રે, સુતને હુલાવે નામ લઈ રે ॥૩૫॥
એમ કરતાં ચાર માસ વિત્યા રે, બેઠો પાંચમો માસ પુનિતા રે ।
ત્યારે રૂડે દિવસે દંપતિ રે, મહી બેસાર્યા સુખમૂરતિ રે ॥૩૬॥
વારાહે સહિત વસુંધરા રે, પૂજી પ્રીતે તેડાવી વિપરા રે ।
કર્યો મોટો ઉત્સવ તે દિન રે, જમાડિયા બહુ વિપ્રજન રે ॥૩૭॥

માંગલિક વાજાં વજડાવી રે, કરી વધાઇ તે મનભાવી રે ।
પછી સપ્ત માસે દિન સારે રે, આવી પૂર્ણાતિથિ ગુરુવારે રે ॥૩૮॥
તે દિ પુત્રના વિંધાવ્યા કર્ણ રે, ભૂષણ પેરાવ્યાં સારાં સુવર્ણ રે ।
પછી આસો વદી બીજ દન રે, કરાવ્યાં અન્નબોટણાં અન્ન રે ॥૩૯॥
કર્યો ઉત્સવ જમાડ્યા જન રે, કરાવ્યાં બ્રાહ્મણને ભોજન રે ।
પછી શાસ્ત્ર મહોર સમસેર રે, ત્રણ મુક્યાં આગળ તે વેર રે ॥૪૦॥
પછી મહોર ખડગ મેલી નાથ રે, મુક્યો પુસ્તક ઉપર હાથ રે ।
હતી રુચી પોતાને જે માંઇ રે, તેહ વિના ગમ્યું નહિ કાંઇ રે ॥૪૧॥
પછી માતાએ ખોળામાં તેડી રે, લીધી બકી હૃદામાંહિ ભીડી રે ।
પછી ધવરાવ્યા કરી પ્રીત્યે રે, કરે હેત નવું નિત્ય નિત્યે રે ॥૪૨॥
પછી પ્રતિદિન તે દયાળ રે, વધે નિત્ય ચંદ્ર જેમ બાળ રે ।
કરે બાળ ચરિત્ર અપાર રે, જોઇ મોહી રહે નરનાર રે ॥૪૩॥
માત તાતને લાગે છે પ્યારા રે, નથી મુકતાં નિમિષ ન્યારા રે ।
એમ જાય આનંદમાં દન રે, સુત નિરખી હરખે મન રે ॥૪૪॥
કરે નરનારી જે દર્શન રે, તેના હેતમાં હરાય મન રે ।
વૃદ્ધ કોવિદ ને વિદ્યાવાન રે, દેખી નાથ ભુલે નિજ જ્ઞાન રે ॥૪૫॥
કરે ભાવતાં ચરિત્ર નાથ રે, તેણે પોંચે નહિ હાથોહાથ રે ।
માત તાત ને ભગિની ભાઇ રે, કાકો મામો જેને જે સગાઇ રે ॥૪૬॥
રાખે હેત હરિસાથે સહુ રે, બીજાને પણ વ્હાલા છે બહુ રે ।
નરનારીને પ્યારા છે નાથ રે, નથી આવતા માતાને હાથ રે ॥૪૭॥
પછી કાંઇક માંડ્યું બોલવા રે, બોલે તોતળા મુખથી લવા રે ।
જેમ જેમ બોલે કાલું કાલું રે, તેતો લાગે માતાજીને વાલું રે ॥૪૮॥
પછી સુંદરી સર્વે સિયાણી રે, શીખવે સારી વાલાને વાણી રે ।
વળી રૂડી રીતેશું રમાડે રે, પય શર્કરા પાક જમાડે રે ॥૪૯॥
પેંડા પતાસાં ને પકવાન રે, ભાવે જન જમાડે ભગવાન રે ।
હળવે હળવે હિંડવા કાજ રે, શીખવે નારી શીખે મહારાજ રે ॥૫૦॥
પડે લડથડે પગલાં ભરે રે, અહિં આગ્ય ઝાલતાં ન ડરે રે ।

એમ બાળચરિત્ર મહારાજ રે, કરે હેત નિજજન કાજ રે ॥૫૧॥
રિંખે રડે પડે પેટવડે રે, અતિ દાખડે ઉંમરો ચડે રે ।
ખાય ગોટીલાં ગડથલાં ઘણાં રે, કરે ચરિત્ર બાળક તણાં રે ॥૫૨॥
ચાલે ગોઠણભર ઘરમાંઇ રે, દેઈ ટેક આપે ઉભા થાય રે ।
એવા અસમર્થ દેખે સહુ રે, પણ ધીર ગંભીર છે બહુ રે ॥૫૩॥
ભૂખ દુઃખ ને ભયે ન ભડકે રે, દેવ અદેવથી ન થડકે રે ।
ભૂત પ્રેત ને દનુજ દૈત્ય રે, રાક્ષસ રાક્ષસી યક્ષ સહિત રે ॥૫૪॥
તેનો ભય નથી મનમાંય રે, એવા અચળ પર્વત પ્રાય રે ।
બીજા શુભ ગુણ બહુ સારા રે, તેણે લાગે છે સહુને પ્યારા રે ॥૫૫॥
રુવે નહિ રાજી સદા રમે રે, તેમ તેમ સહુને તે ગમે રે ।
મીઠું મીઠું બોલે મુખે ઘણું રે, લાગે સૌ જનને સોયામણું રે ॥૫૬॥
પય સાકર પિયે ન પિયે રે, અણ ઇચ્છાએ ભોજન લિયે રે ।
અશન વસન ભૂષણ સેજ રે, પોતા કારણે ન ઈચ્છે એજ રે ॥૫૭॥
શીત ઉષ્ણ મશક ને દંશ રે, કચવાય નહિ કોઈ મશ રે ।
એવા સુશીલ જોઈને સહુ રે, માને આશ્ચર્ય મનમાં બહુ રે ॥૫૮॥
કહે આતો મોટા કોઈ અતિ રે, એમ કહે દેખીને દંપતિ રે ।
એમ કરતાં વર્ષ એક થયું રે, તેનું ચરિત્ર સહુને કહ્યું રે ॥૫૯॥

ઇતિ શ્રીમદેકાન્તિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદ સ્વામિ શિષ્ય
નિષ્કુળાનંદમુનિ વિરચિતે ભક્તચિંતામણી મધ્યે હરિબાળલીલા એ
નામે અઢારમું પ્રકરણમ્ ॥૧૮॥